## સ્વાધ્યાય 1.2

**1. શાળામાં ચાર દિવસ માટે એક પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. કાઉન્ટર પર પહેલા, બીજા, ત્રીજા અને અંતિમ દિવસે વેચવામાં આવેલી ટિકિટોની સંખ્યા અનુક્રમે 1094, 1812, 2050 અને 2751 છે. તમામ ચાર દિવસમાં વેચવામાં આવેલી ટિકિટોની કુલ સંખ્યા શોધો.**

**જ.**

| | |
|---|---|
| પહેલા દિવસે વેચાયેલ ટિકિટોની સંખ્યા = | 1094 |
| બીજા દિવસે વેચાયેલ ટિકિટોની સંખ્યા = | + 1812 |
| ત્રીજા દિવસે વેચાયેલ ટિકિટોની સંખ્યા = | + 2050 |
| અંતિમ દિવસે વેચાયેલ ટિકિટોની સંખ્યા = | + 2751 |
| કુલ વેચાયેલ ટિકિટોની સંખ્યા = | 7707 |

તેથી, તમામ ચાર દિવસમાં કુલ 7707 ટિકિટો વેચાઈ.

**2. શેખર એક પ્રખ્યાત ક્રિકેટ ખેલાડી છે. તેણે ટેસ્ટ મેચોમાં અત્યાર સુધી 6980 રન બનાવ્યા છે. તે કુલ 10,000 રન પૂર્ણ કરવા ઇચ્છે છે. તેને હજુ કેટલા રનની જરૂર છે?**

**જ.**

| | |
|---|---|
| પૂર્ણ કરવાના રન = | 10,000 |
| બનાવેલા રન = | - 6,980 |
| જરૂરી રન = | 3,020 |

તેથી, તેને હજી 3,020 રનની જરૂર છે.

**3. ચૂંટણીમાં, સફળ ઉમેદવારે 5,77,500 મત અને તેની નજીકના પ્રતિસ્પર્ધીએ 3,48,700 મત મેળવ્યા હતા. સફળ ઉમેદવારે કેટલાં મતોની સરસાઈથી ચૂંટણી જીતી?**

**જ.**

| | |
|---|---|
| સફળ ઉમેદવારને મળેલા મત = | 5,77,500 |
| તેના નજીકના પ્રતિસ્પર્ધીએ મેળવેલા મત = | - 3,48,700 |
| સરસાઈ = | 2,28,800 |

તેથી સફળ ઉમેદવારે 2,28,800 મતની સરસાઈથી ચૂંટણી જીતી.

**4. કીર્તિ બુકસ્ટોલે જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં ₹ 2,85,891 ના પુસ્તકો વેચ્યાં અને મહિનાના બીજા સપ્તાહમાં ₹ 4,00,768 ના પુસ્તકો વેચ્યાં હતાં. બે અઠવાડિયાં મળીને કેટલું વેચાણ થયું? ક્યા સપ્તાહમાં વેચાણ વધારે હતું અને કેટલું હતું?**

જ.

| | |
|---|---|
| પ્રથમ સપ્તાહમાં થયેલું વેચાણ = | ₹ 2,85,891 |
| બીજા સપ્તાહમાં થયેલું વેચાણ = | + ₹ 4,00,768 |
| કુલ વેચાણ = | ₹ 6,86,659 |

બીજા સપ્તાહનું વેચાણ વધુ છે, કારણ કે 4,00,798 > 2,85,891

| | |
|---|---|
| બીજા સપ્તાહમાં થયેલું વેચાણ = | ₹ 4,00,768 |
| પ્રથમ સપ્તાહમાં થયેલું વેચાણ = | - ₹ 2,85,891 |
| બીજા સપ્તાહમાં વધુ થયેલું વેચાણ = | ₹ 1,14,877 |

તેથી, બીજા સપ્તાહમાં ₹ 1,14,877 નું વધુ વેચાણ થયું હતું.

**5. 6, 2, 7, 4, 3 નો ફક્ત એક વાર ઉપયોગ કરીને બનતી સૌથી મોટી અને સૌથી નાની સંખ્યા વચ્ચેનો તફાવત શોધો.**

જ.

| | |
|---|---|
| 6, 2, 7, 4, 3 થી બનતી સૌથી મોટી સંખ્યા = | 76432 |
| 6, 2, 7, 4, 3 થી બનતી સૌથી નાની સંખ્યા = | - 23467 |
| તફાવત = | 52965 |

તેથી, તફાવત 52965 છે.

**6. એક મશીન એક દિવસમાં સરેરાશ 2825 સ્ક્રૂનું ઉત્પાદન કરે છે, તો જાન્યુઆરી, 2006 માં કેટલા સ્ક્રૂનું ઉત્પાદન થયું હશે?**

જ.

| | |
|---|---|
| એક દિવસમાં બનતા સરેરાશ સ્ક્રૂની સંખ્યા = | 2825 |
| જાન્યુઆરી મહિનાના દિવસોની સંખ્યા = | × 31 |
| | 84750 |
| | + 2825 |
| કુલ ઉત્પાદન = | 87575 |

તેથી, જાન્યુઆરી 2006 માં સ્ક્રૂનું કુલ ઉત્પાદન 87,575 થયું હશે.

**7. એક વેપારી પાસે ₹ 78,592 હતા. તેમણે ₹ 1200 નો એક એવા 40 રેડિયો સેટ ખરીદવા ઓર્ડર આપ્યો. ખરીદી પછી તેની પાસે કેટલાં રૂપિયા બાકી રહેશે?**

જ. એક રેડિયો સેટની કિંમત = ₹ 1200

40 રેડિયો સેટની કિંમત = 1200 × 40 = ₹ 48000

વેપારી પાસેની રકમ = ₹ 78,592

40 રેડિયો સેટની કિંમત = - ₹ 48,000

વેપારી પાસે બાકી રહેતી રકમ = ₹ 30,592

તેથી, વેપારી પાસે 30,592 બાકી રહેશે.

**8. એક વિદ્યાર્થીએ 7236 નો 56 વડે ગુણાકારને બદલે 65 વડે ગુણાકાર કર્યો. તેનો જવાબ સાચા જવાબ કરતાં કેટલો વધારે હશે? (ઈશારો (Hint) : શું તમારે બંને ગુણાકાર કરવાની જરૂર છે?)**

જ. બંને ગુણાકાર કરવાને બદલે આપણે અહીં કેટલા તફાવત થી વધારે ગુણાકાર થયો છે, તે જાણી તેના વડે ગુણાકાર કરીશું તો આપણને આપણો ઈચ્છિત જવાબ મળશે.

અહીં 56 એ 65 કરતાં મોટી સંખ્યા છે, તેથી 65 – 56 = 9 મળે તેથી,

7,236 × 9 = 65,124

તેથી મળેલો જવાબ સાચા જવાબ કરતાં 65,124 જેટલો વધારે હશે.

**9. એક શર્ટ સિવડાવવા માટે 2 મીટર 15 સેમી કાપડ જરૂરી છે. 40 મીટર કાપડમાંથી કેટલાં શર્ટ બનશે? અને કેટલું કાપડ બચશે? (ઈશારો (Hint) : માહિતી સેમીમાં ફેરવો.)**

જ. એક શર્ટ સિવવા જરૂરી કાપડ = 2 મીટર 15 સેમી

= 2 × 100 સેમી + 15 સેમી

= 200 સેમી + 15 સેમી

= 215 સેમી

કાપડની લંબાઈ = 40 મીટર = 40 × 100 સેમી

= 4000 સેમી

સિવાતાં શર્ટની સંખ્યા = 4000 ÷ 215

```
       18
215 | 4000
    | - 215
    ------
      1850
     -1780
    ------
       130
```

તેથી 18 શર્ટ સિવાશે અને 130 સેમી (1 મીટર 30 સેમી) કાપડ બચશે.

**10. દવાઓ બોક્સમાં ભરેલી છે. દરેક બોક્સનું વજન 4 કિલો 500 ગ્રામ છે. 800 કિલોની ક્ષમતાવાળી એક વાનમાં કેટલાં બોક્સ ભરી શકાય?**

જ. એક બોક્સનું વજન = 4 કિલો 500 ગ્રામ = 4 × 1000 ગ્રામ + 500 ગ્રામ

= 4500 ગ્રામ

વાનની મહત્તમ ક્ષમતા = 800 કિલો = 800 × 1000 ગ્રામ = 800000 ગ્રામ

બોક્સની સંખ્યા = 800000 ÷ 4500

```
         177
4500 | 800000
     | - 4500
     --------
       35000
     - 31500
     --------
        35000
     - 31500
     --------
         3500
```

તેથી વાનમાં 177 બોક્સ ભરી શકાશે.

**11. શાળા અને વિદ્યાર્થીના ઘરની વચ્ચેનું આંતર 1 કિમી 875 મીટર છે. રોજિંદા તે આવતાં અને જતાં બંને વખત ચાલે છે. છ દિવસમાં તો તેના વડે આવરી લેવાતું કુલ અંતર શોધો.**

જ. શાળા અને ઘર વાછેનું અંતર = 1 કિમી 875 મીટર

= 1 × 1000 મીટર + 875 મીટર

= 1875 મીટર

આવતાં અને જતાં થતું અંતર = 1875 મીટર

+ 1875 મીટર

3750 મીટર

એક દિવસનું અંતર = 3750 મીટર

6 દિવસનું કુલ અંતર = 3750

× 6

22500

તેથી છ દિવસનું કુલ અંતર 22500 મીટર (22 કિમી 500 મીટર) થશે.

**12. એક પાત્રમાં 4 લિટર અને 500 મિલિલિટર દહીં છે. તેમાંથી 25 મિલિલિટર ની ક્ષમતાવાળા કેટલા કપ ભરી શકાય?**

જ. પાત્રમાં કુલ દહીં = 4 લિટર 500 મિલિલિટર

= 4 × 1000 મિલિલિટર + 500 મિલિલિટર

= 4500 મિલિલિટર

એક કપની ક્ષમતા = 25 મિલિલિટર

કપની સંખ્યા = 4500 ÷ 25

180

25 | 4500

- 25

200

- 200

0

તેથી દહીંના 180 કપ ભરાશે.